Khandeka Punam d. K. Punam

Name :- Khandeka Punam Velsibhai

Roll No :- 257

PRN :- COC 2025257

Subject :- Psychology

Paper Cord :- MJEPS - 101

Semester :- Sem-1

Paper Name :- Inclusive Education and Psychological Strategies

-> Assignment Questions.

શૈક્ષણિક મનોવિજ્ઞાન ની અભ્યાસ પદ્ધતિ
1 ઓ તરીકે મુલાકાત અને પ્રશ્નાવલી પદ્ધતિ ને
સવિસ્તાર વર્ણવો.

Khandeka Punam Venibhai

K.Punam

1. શૈક્ષણિક મનોવિજ્ઞાન ની અભ્યાસ પદ્ધતિ ઓ તરીકે મુલાકાત અને પ્રશ્નાવલી પદ્ધતિ ને સવિસ્તાર વર્ણવો.

→ પ્રસ્તાવના :-

મનોવિજ્ઞાન એ 'વર્તન નું વિજ્ઞાન' છે અને જ્યારે આ વિજ્ઞાન ના સિદ્ધાંતો નો ઉપયોગ શિક્ષણ ના ક્ષેત્ર માં કરવા માં આવે ત્યારે તેને 'શૈક્ષણિક મનોવિજ્ઞાન' કહેવા માં આવે છે. શૈક્ષણિક મનોવિજ્ઞાન મનોવિજ્ઞાન ની એક વ્યવહારિક શાખા છે. શૈક્ષણિક મનોવિજ્ઞાન નો સૌથી મુખ્ય હેતુ શિક્ષકો ના જરૂરી કૌશલ્ય સમતા એવી રીત ના લાયક બનાવે છે. કે તે વિભિન્ન શૈક્ષણિક સ્તરો ઉપર વિદ્યાર્થી ઓના વ્યવહારો ને સમજી શકે નિયંત્રિત કરી શકે અને તેમના વિશે અનુમાનો લગાવી શકે પોતા ના આ હેતુ ની પૂર્તિ માટે શૈક્ષણિક મનોવૈજ્ઞાનિક પોતા ની વિભિન્ન પદ્ધતિ ઓ દ્વારા વિદ્યાર્થી ઓના વર્તન સંબંધિત સમસ્યા નો અભ્યાસ કરવા માટે આંકડા નો સંગ્રહ કરે છે અને આ પદ્ધતિ ઓ નો વી ઉપયોગ કરી સંશોધન કાર્ય કરે છે.

→ વિજ્ઞાન નો મુખ્ય આધાર તેમાં પ્રયોગાત્મક અભ્યાસ પદ્ધતિ પર હોય છે. શૈક્ષણિક મનોવિજ્ઞાન માં ઘણી અભ્યાસ પદ્ધતિ ઓ જેવી કે નિરીક્ષણ, પ્રયોગ, વ્યક્તિ અભ્યાસ પદ્ધતિ, મુલાકાત, પ્રશ્નાવલી, ચરિત્રલેખન, આત્મ કથાત્મક, સર્વેક્ષણ વગેરે નો ઉપયોગ થાય છે. તેમાંથી આપણે મુલાકાત અને પ્રશ્નાવલી પદ્ધતિ ને વિસ્તૃત માં જાણીએ.

Dhaval

1. મુલાકાત પદ્ધતિ (interview Method):-

મુલાકાત પદ્ધતિ એ એક અભ્યાસ પદ્ધતિ છે. આ પદ્ધતિ દ્વારા વ્યક્તિ ના મનોવલણો તથા મતો (માન્યતા ઓ) ના અભ્યાસ માટે મુલાકાત પદ્ધતિ ને ઘણુ મહત્વ આપવા માં આવી રહ્યુ છે. મુલાકાત પદ્ધતિ એ એક અભ્યાસ સાધન પણ છે. જેની મદદ થી મહત્વપૂર્ણ માહિતી એકત્રિત કરવા માં આવે છે. મુલાકાત ને અંગ્રેજી માં 'Interview' કહેવા માં આવે છે. અંગ્રેજી શબ્દ 'Interview' બે શબ્દો નો બનેલો છે અંદર અને View નો અર્થ છે - જોવું આમ અંદર જોવા ની પ્રક્રિયા એ જ મુલાકાત છે. અહીં જે વ્યક્તિ નો અભ્યાસ કરવા માં આવી રહ્યો છે તેઓની આંતરિક બાબતો માં ડોકિયું કરવા માં આવે છે. મુલાકાત એક એવી પદ્ધતિ છે જેના દ્વારા આપણે અભ્યાસ એકમો ના એવા અનુભવો અને વિચારો વગેરે વિષે માહિતી પ્રાપ્ત કરી શકીએ છીએ જેના વિષે આપણ ને પ્રત્યક્ષ રીતે કંઇ પણ દેખાતું નથી. મુલાકાત ની અગત્યતા વિષે ઓલપોર્ટ નું કહેવું છે કે 'જો આપણે એ જાણવા માંગીએ છીએ કે લોકો કઇ રીતે અનુભવે છે. શું અનુભવે છે, શું યાદ રાખે છે. તેના આવેગ અને પ્રેરણાઓ કયા પ્રકાર ની છે. અનેક વિદ્વાનો એ મુલાકાત ની વ્યાખ્યા આ પ્રમાણે આપી છે જે નીચે મુજબ ની છે.

Khandeka Punam K.

K.Punam

- વ્યાખ્યા:

1. " મુલાકાત એક આંતરક્રિયાત્મક પ્રક્રિયા છે, જેમાં વિચારો નું પારસ્પરિક આદાન-પ્રદાન થાય છે."

- ગુડ અને હટ્ટ

2. " મુલાકાત અંતર્ગત બે વ્યક્તિ ઓ કે વધારે વ્યક્તિ ઓ વચ્ચે સંવાદ (વાર્તાલાપ) અથવા શાબ્દિક પ્રતિક્રિયા ઓ થાય છે."

- હેડર અને લિંડમેન

3. " મુલાકાત આમને સામને કરવા માં આવેલ એક પરસ્પર વાર્તાલાપ છે જેમાં એક વ્યક્તિ બીજા વ્યક્તિ પાસે થી અમુક માહિતી પ્રાપ્ત કરે છે.

- ડેન્જીન

વ્યાખ્યા પરથી અમુક લાક્ષણિકતા ઓ નીચે મુજબ છે.

- મુલાકાત પદ્ધતિ માહિતી એકત્રિત કરવા માટે ની એક પદ્ધતિ છે.
- સામાન્યરીતે મુલાકાત આમને સામને ની પરિસ્થિતિ છે.
- તે બે કે તેથી વધારે વ્યક્તિ ઓ વચ્ચે નો પરસ્પર વાર્તાલાપ છે, જે વાતચીત કે પ્રશ્નોના માધ્યમથી કરવામાં આવે છે.
- આના દ્વારા વ્યક્તિ ની અંદર ની અંગત હકીકતો કે માહિતી જાણવા માટે ની ખૂબ જ ઉપયોગી પદ્ધતિ છે.

Khandeka Punam d K. Punam

- મુલાકાત પદ્ધતિ ના પ્રકારો :-

સામાન્ય રીતે મુલાકાત પદ્ધતિ ના અનેક રીતે પ્રકાર પડે છે. પરંતુ શૈક્ષણિક મનોવિજ્ઞાન ના અભ્યાસ માં ઉપયોગી થઇ શકે તેવા અમુક પ્રકારો ની સમજૂતી નીચે મુજબ છે.

1. અસંરચિત મુલાકાત
2. સંરચિત મુલાકાત
3. અર્ધ - સંરચિત મુલાકાત.

- ઉપરોક્ત આપેલા ત્રણે પ્રકારો ની વિસ્તૃત માં માહિતી નીચે બતાવ્યા મુંજબ મેળવી એ.

1. અસંરચિત મુલાકાત (Unstructured Interview) :-

અસંરચિત મુલાકાત ને અપ્રમાણિત મુલાકાત પણ કહેવા માં આવે છે. 'અસંરચિત મુલાકાત' એવી મુલાકાત છે જેમાં મુલાકાત સંરચના અગાઉ થી નક્કી નથી હોતી અને મુલાકાત કર્તા ને પોતા ની સંશોધન સમસ્યાના સબંધ માં પ્રશ્ન પૂછવા ની સંપૂર્ણ સ્વતંત્રતા હોય છે આમાં પ્રશ્નો ની સંખ્યા નિશ્ચિત હોતી નથી 'શૈક્ષણિક મનોવિજ્ઞાન' ના સદર્ભ તે દરેક બાળકો ને કોઇ એક નિશ્ચિત ક્રમ માં પ્રશ્ન નથી પૂછતા કેટલાક બાળકો એક એવા પ્રકાર ના પ્રશ્નો પૂછવા માં આવે છે તો કેટલાક અન્ય બાળકો ને અન્યપ્રકાર ના પ્રશ્નો પૂછવા માં આવે છે. આપવા માં આવેલ જવાબ નું

વિશ્લેષણ કરી મુલાકાત કરતા બાળકો ની અભિ રૂચી મનોવલણ અને અન્ય સદગુણો વિશે નિષ્કર્ષ પર પહોંચે છે.

અસંરચિત મુલાકાત ના લાભ:

- પ્રશ્નો પૂછવા ની સ્વતંત્રતા
- ઊંડાણ પૂર્વક ની માહિતી
- વધુ લવચીકતા
- નવી બાબતો જાણવા ની તક
- બાળકો નો વ્યક્તિગત અભિગમ
- વિદ્યાર્થી ની વ્યક્તિગત જરૂરિયાતોની ઓળખ
- ગુપ્ત કે અંગત માહિતી પ્રાપ્ત થાય છે.

અસંરચિત મુલાકાત ની મર્યાદા:

- પક્ષપાત ની શક્યતા
- સમય નો વધુ વ્યય
- સરખામણી કરવા માં મુશ્કેલી
- કુશળતા ની જરૂર
- બિનજરૂરી માહિતી
- પૂર્વ ગ્રહની અસર થઇ શકે.
- મહત્વ ના પાસા અનદેખા થવાની સંભાવના.

→ અસંરચિત મુલાકાત એ ઊંડાણપૂર્વક ની સમજ માટે ઉત્તમ છે, પરંતુ તેની મર્યાદા ઓને કારણે મોટાભાગે તેનો ઉપયોગ પ્રમાણિત પદ્ધતિ ઓ ની સાથે પૂરક તરીકે કરવા માં આવે છે.

૨. સંરચિત મુલાકાત (Structured Interview):-

સંરચિત કે પ્રમાણિત મુલાકાત એવી મુલાકાત છે જેમાં મુલાકાત ની સંરચના પૂર્વનિર્ધારિત હોય છે. અને મુલાકાતકર્તા ને સંશોધન સમસ્યા ને લગતા નિશ્ચિત કે ચોક્કસ પ્રશ્નો ના સિવાય અન્ય પ્રશ્નો પૂછવાની સ્વતંત્રતા નથી હોતી. શૈક્ષણિક મનોવિજ્ઞાન માં વિદ્યાર્થી ઓ ગોઠવી તેઓ ક્યા ક્યા પ્રશ્નો પૂછશે પ્રશ્ન પૂછવા નો ક્રમ શું હશે સામાન્ય રીત ના જે ક્રમ નિશ્ચિત કરવા માં આવે છે. તેજ ક્રમ માં દરેક બાળકો કે વિદ્યાર્થી ઓને પ્રશ્નો પૂછવા માં આવે છે. જણાવા માં આવ્યો છે કે આ પ્રકાર ની મુલાકાત માં આત્મલક્ષીતા વધુ હોય છે સાથે સાથે તે ક્રમ માં બધા પણ વધુ હોય છે.

સંરચિત મુલાકાત પદ્ધતિ નાં લાભ:-

- ઝડપી મૂલ્યાંકન
- વૈજ્ઞાનિક ચોક્કસાઈ
- સરળ રીતે સરખામણી.
- વિશ્વસનીય પરિણામ
- ઓછા સમય માં વધુ માહિતી મળે છે.
- મોટા સમૂહ નું મૂલ્યાંકન
- પરિણામ નું ખૂબ ઝડપી અર્થઘટન
- વ્યાવસાયિક માર્ગદર્શન (વિદ્યાર્થી ને ભવિષ્ય માં ક્યા ક્ષેત્ર માં જવું જોઈએ તે જાણવા માટે તેની રુચિ અને ક્ષમતા જાણવી.

Dhaval

Khandeka Punam L.

સંરચિત ની મુલાકાત ની મર્યાદાઓ :-

- ઓછી ઉપયોગીતા
- નિષ્ક્રિય અભ્યાસ
- કૃત્રિમ ઉત્તર મળવા ની સંભાવના
- પ્રશ્ન નિર્માણ માં મુશ્કેલી
- ઊંડાણ પૂર્વક માહિતી નો અભાવ
- કંટાળાજનક પ્રક્રિયા
- લવચીકતા નો અભાવ.
- વિદ્યાર્થી ની વ્યક્તિગત જરૂરિયાતો ની અવગણના

(દરેક બાળક ની સમજશક્તિ અલગ હોય છે. જો કોઈ બાળક ને પ્રશ્ન સમજવા માં મુશ્કેલી પડે, તો પણ પ્રમાણિત માળખા ને કારણે શિક્ષક પ્રશ્ન ની ભાષા બદલી શકતા નથી. આના કારણે પરિણામ ખોટા આવી શકે છે.

-> સંરચિત / પ્રમાણિત મુલાકાત એ શૈક્ષણિક સંશોધન અને વિદ્યાર્થી ઓના ખૂબ મૂલ્યાંકન માટે નું એક વૈજ્ઞાનિક અને વિશ્વસનીય સાધન છે. તેના મુખ્ય હેતુ વ્યક્તિલક્ષી પક્ષપાત ને દૂર કરીને માહિતી માં ચોકસાઈ લાવવા નો છે

-> આ બંને "શૈક્ષણિક મનોવિજ્ઞાન" ની મુખ્ય અભ્યાસ પદ્ધતિ છે આના સીવાય અર્ધ સંરચિત / અર્ધ પ્રમાણિત મુલાકાત પણ છે જેની માહિતી આપણે નીચે મુજબ મેળવી એ.

3. અર્ધ-સંરચિત મુલાકાત :-

અર્ધ-સંરચિત કે અર્ધપ્રમાણિત મુલાકાત ને (Semi-Standardised Interview) કહે છે. આમાં પ્રશ્નો પૂર્વ નિર્ધારિત હોય છે. આ પ્રકાર ની મુલાકાત માં સંરચિત અને અસંરચિત મુલાકાત, બંન્ને નું મિશ્રિત સ્વરૂપ જોવા મળે છે. આ પ્રકાર ની મુલાકાત માં અસંરચિત મુલાકાત ના લક્ષણો ઓછા અને સંરચિત ના લક્ષણો વધુ જોવા મળે છે. આ વિશેષતા ને કારણે જ આ મુલાકાત ને અર્ધ સંરચિત કહે છે. 'શૈક્ષણિક મનોવિજ્ઞાનમાં' આની ઉપયોગીતા એ શિક્ષણ માં સૌથી વધુ લોકપ્રિય છે કારણ કે તે શિસ્ત અને લવચીકતા બંને પ્રદાન કરે છે. આમાં મુલાકાત લેનાર પાસે અગાઉ થી તૈયાર કરેલી એક 'માર્ગદર્શિકા' હોય છે જેમાં મુખ્ય પ્રશ્નો નક્કી હોય છે, પરંતુ મુલાકાત દરમિયાન તે વિદ્યાર્થી ના જવાબ મુજબ નવા પેટા-પ્રશ્નો પૂછી શકે છે.

અર્ધ સંરચિત ના લાભ :-

- તેમાં મુખ્ય વિષય પરથી ભટકી જવાનો ડર રહેતો નથી.
- વિદ્યાર્થી ની સ્પષ્ટતા
- નવી માહિતી ની પ્રાપ્તિ.

આ પદ્ધતિ દ્વારા શિક્ષક જાણી શકે છે કે બાળકે કોઈ ચોક્કસ જવાબ શા માટે આપ્યો.

વિદ્યાર્થીની મૌખિક અભિવ્યક્તિ માં સુધારો. જ્યારે શિક્ષક મુખ્ય પ્રશ્ન પૂછવા પછી "તમે આ વિશે વધુ શું કહી શકો?" તેવા પ્રોબિંગ પ્રશ્નો પૂછે છે, ત્યારે વિદ્યાર્થી ને વિચારતા અને પોતાની વાત ને શબ્દો માં વધુ સારી રીતે રજૂ કરતા શીખવા મળે છે.

Khandeka Punam L. K.Punam

અર્ધસંરચિત ની મર્યાદાઓ.

- કુશળતા ની અપેક્ષા
- પક્ષપાત ની થોડી શક્યતા
- વિશ્લેષણ માં સમય.
- સમય અને શક્તિનો વધુ વ્યય
- ઉચ્ચ કૌશલ્ય ની જરૂરિયાત
- ઓછી વિશ્વસનીયતા.

મુલાકાત પદ્ધતિ નાં લાભ અને મર્યાદા.

લાભ

- બાળકો તેમજ અશિક્ષિત સમુદાય નો અભ્યાસ મુલાકાત પદ્ધતિ માં શક્ય બને છે.
- વિશ્વસનીય અને યથાર્થ પરિણામ
- છુપાયેલી પ્રતિભાવો ની ઓળખ
- વિદ્યાર્થી ઓને ક્યા વિષય માં રસ છે અને ક્યા વિષય માંથી તેને ડર લાગે છે, તે મુલાકાત દ્વારા જાણી શકાય છે.

ગેરલાભ / મર્યાદા

- સમય નો અભાવ અને ખર્ચાળ અભ્યાસપદ્ધતિ
- મુલાકાત ના પૂર્વગ્રહ ની અસર
- ઘડિયાળના કૃત્રિમ ઉત્તર
- કુશળ મુલાકાત કર્તા ઓનો અભાવ

→ **નિષ્કર્ષ:**

શૈક્ષણિક મનોવિજ્ઞાન માં મુલાકાત પદ્ધતિ એ માત્ર પ્રશ્ન - જવાબ ની પ્રક્રિયા નથી, પણ એક "નિદાનાત્મક પ્રક્રિયા" છે.

Khandeka Punam R. Punam

૨. પ્રશ્નાવલિ પદ્ધતિ (Questionnaire Method) :-

પ્રસ્તાવના

આ પદ્ધતિ એ શૈક્ષણિક મનોવિજ્ઞાન ની એક મુખ્ય પદ્ધતિ છે એ માહિતી એકત્રિત કરવા ની સૌથી લોકપ્રિય અને વ્યાપક પદ્ધતિ છે. આ પદ્ધતિમાં સંશોધક અથવા શિક્ષક ચોક્કસ હેતુ ને ધ્યાન માં રાખીને તૈયાર કરેલા પ્રશ્નો ની એક યાદી વિદ્યાર્થી ઓને આપે છે. આમાં આપેલા પ્રશ્નો ના જવાબ હા અથવા ના માં અથવા સાચું - ખોટું હોય છે પણ છાપેલા આમાં બાળક એક કરીને વાંચે છે અને પોતા માટે જે ઉત્તર યોગ્ય માં સાચો સમજે છે જેના ઉપર ચીન કરે છે. અને જવાબ નો વિશ્લેષણ કરીને બાળકો ની આદતો અભિરુચિ મનોવૃતિ ઓ વગેરે નો ખ્યાલ મેળવવા માં આવે છે.

વ્યાખ્યાઓ :-

1. " સરળ રીતે પ્રશ્નાવલિ એ એવા ઉદ્દીપકરૂપ પ્રશ્નો નો સમૂહ છે કે જે શિક્ષિત લોકો ને આપવા માં આવે છે અને તેઓ તેમના શાબ્દિક વર્તનો આ દ્વારા વ્યક્ત કરે છે."

- જી. એ. લુન્ડબર્ગ.

૨. " મોટા ભાગે એવા કોઈ પણ સાધન માટે 'પ્રશ્નાવલિ' શબ્દ નો ઉપયોગ કરવા માં આવે છે, જેમાં એવા પ્રશ્નો કે વિગતો હોય છે જેનો ઉત્તર વ્યક્તિ પોતે આપે છે."

- એફ. એન. કરલિંગર.

પ્રશ્નાવલી ના પ્રકારો:-

પ્રશ્નાવલી એટલે નિશ્ચિત સમસ્યા માટે ચોક્કસ માહિતી એકત્રિત કરવા ના હેતુ થી તૈયાર કરવા માં આવેલા પ્રશ્નો નો સમૂહ. રીસી અનુસાર શૈક્ષણિક મનોવિજ્ઞાન માં જેટલી પણ પ્રશ્ન હોય એનો ઉપયોગ કરવામાં આવે છે તેને બે ભાગ માં વહેંચવામાં આવે છે.

1. બંધ / પ્રતિબંધિત પ્રશ્નાવલિ (Closed Questionnaire)

→ બંધ પ્રશ્નાવલિ ને પ્રતિબંધિત, નિશ્ચિત, અથવા સીમિત વિગતોવાળી પ્રશ્નાવલી પણ કહેવામાં આવે છે. આ પ્રશ્નાવલી ની વિગતો કે પ્રશ્નો નું સ્વરૂપ એવું હોય છે કે જેનો ઉત્તર સીમાબદ્ધ અથવા નિયંત્રિત હોય છે. આ પ્રકાર ની પ્રશ્નાવલી માં પ્રત્યેક પ્રશ્ન કે વિગતના અમુક નિશ્ચિત ઉત્તરો આપી દેવામાં આવે છે અને આ જ ઉત્તરો માંથી પસંદ કરી ને ઉત્તરદાતા પોતા ની પ્રતિક્રિયા આપે છે. અહીં આપેલ વિકલ્પો માંથી જ ઉત્તરદાતા એ જવાબ આપવા નો હોય છે. આ પ્રકાર ની પ્રશ્નાવલી માં વિદ્યાર્થી એ આપેલા વિકલ્પો માંથી જ પસંદગી કરવાની હોય છે. જેમકે 'હા/ના', 'ખરું/ખોટું' અથવા બહુ વિકલ્પ.

બંધ પ્રશ્નાવલી નો લાભ:-

- ઝડપી પ્રતિભાવ
- સરળ વિશ્લેષણ
- વ્યક્તિલક્ષી પક્ષપાત નો અભાવ
- સરખામણી માં સરળતા, ઓછો ખર્ચ અને સમય

બંધ પ્રશ્નાવલિ ની મર્યાદાઓ :-

- વિચારો અને ઉત્તર ની મર્યાદા
- અનુમાન ની શક્યતા
- જટિલ મુદ્દાઓ માટે અયોગ્ય

→ શૈક્ષણિક મનોવિજ્ઞાન માં જ્યારે તમારે વધારે અભિપ્રાયો કે તથ્યો એકઠા કરવા હોય ત્યારે બંધ પ્રશ્નાવલિ શ્રેષ્ઠ છે. પરંતુ જ્યારે તમારે બાળક ની લાગણીઓનું ગહન નિદાન કરવું હોય, ત્યારે આ પ્રશ્નાવલી કે પદ્ધતિ ની સાથે મુક્ત પ્રશ્નાવલિ કે મુલાકાત જોડવી જરૂરી બને છે.

2 ખુલ્લી પ્રશ્નાવલિ (Open Questionnaire)

-> આ પ્રશ્નાવલી ને ખુલ્લી, અપ્રતિબંધિત પ્રશ્નાવલી પણ કહે છે. આ પ્રકાર ની પ્રશ્નાવલિ માં પ્રશ્નો ની સાથે વૈકલ્પિક ઉત્તરો આપવામાં આવતા નથી. ઉત્તરદાતા પોતા ની ઈચ્છા અનુસાર ઉત્તર આપે છે. જેમકે (દા.ત. સંસ્થા માં ક્યા પ્રકારના સુધારા ની જરૂર છે?, નેતા એમાં ક્યાં લક્ષણો હોવાં જોઈએ?) શૈક્ષણિક મનોવિજ્ઞાન માં મુક્ત પ્રશ્નાવલિ એ એવી પદ્ધતિ છે જેમાં ઉત્તરદાતા ને પોતા ના વિચારો, અનુભવો અને મંતવ્યો પૂરી સ્વતંત્રતા સાથે વ્યક્ત કરવા ની તક મળે છે. આમાં પ્રશ્ન પછી જવાબ માટે જગ્યા ખાલી રાખવામાં આવે છે.

Khandera Punam K.

ખુલ્લી પ્રશ્નાવલી ના લાભ.

- વિગતવાર માહિતી
- નવીનતા અને મૌલિકતા
- બાળક કેવી રીતે વિચારે છે અને તે પોતાના વિચારો ને કેવી રીતે ગોઠવે છે, તે તેના અભ્યાસ પર થી જાણી શકાય છે.
- જટિલ પ્રશ્નો માટે શ્રેષ્ઠ

ખુલ્લી પ્રશ્નાવલી ની મર્યાદા ઓ.

- સમય નો વધુ વપરાશ
- વિશ્લેષણ માં જટિલતા
- ભાષાકીય કૌશલ્ય પર નિર્ભરતા
- બિનજરૂરી માહિતી.

3. અન્ય પ્રકારો.

આ બંને ઉપરોક્ત બંને પ્રકારો સિવાય મિશ્ર પ્રશ્નાવલિ, ક્રમમાપન પ્રશ્નાવલિ, ચિત્રાત્મક પ્રશ્નાવલિ આ બધા પણ પ્રશ્નાવલિ ના પ્રકારો છે. પરંતુ તે શૈક્ષણિક મનો વિજ્ઞાનમાં મુખ્ય નથી.

-> મુક્ત કે ખુલ્લી પ્રશ્નાવલિ એ નિદાન માટે કાર્ય કરે છે. જ્યારે કોઈ બાળક ની માનસિક ગડમથલ તેની આશા ઓ અથવા તેની વિશિષ્ટ સમસ્યા ઓ જાણવી હોય ત્યારે આ પદ્ધતિ નો ઉપયોગ કરવો જોઈએ.

Khandeka Punam (R.Punam)

નિષ્કર્ષ :-

આમ, ઉપરોક્ત માહિતી પર થી આપણે શૈક્ષણિક મનોવિજ્ઞાન ની અભ્યાસ પદ્ધતિ તરીકે મુલાકાત અને પ્રશ્નાવલિ ની માહિતી મેળવી. શૈક્ષણિક મનોવિજ્ઞાન માં માહિતી એકત્રિત કરવા ની આ બંને પદ્ધતિ ઓ પોતાની આગવી વિશેષતા ઓ ધરાવે છે. આ બંને નો હેતુ સંશોધન પર નિર્ભર હોય છે.

સંદર્ભ સૂચિ (Referencess)

- અક્ષર પબ્લિકેશન (2024) સમાજલક્ષી મનોવિજ્ઞાન બી.એ. અમદાવાદ,
- પરીખ, બી.એ (2019) શૈક્ષણિક મનોવિજ્ઞાન અમદાવાદ, યુનિવર્સિટી ગ્રંથ નિર્માણ બોર્ડ.
- સાંસ્કૃતિક મનોવિજ્ઞાન (2025)